# અરવલ્લી જિલ્લામાં ભાજપ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી

## ૮ મંડલમાં ભાજપ સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

તા.૨૧ જૂન સમગ્ર વિશ્વમાં વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી થઈ. અરવલ્લી જિલ્લામાં ભાજપ દ્વારા તમામ ૮ મંડલમાં ભાજપ સંગઠનના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની કોરોના ગાઈડલાઈન પ્રમાણે ઉજવણી કરવામાં આવી. યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની વિશ્વને એક અમૂલ્ય ભેટ છે. યોગ એ મન અને શરીરની એક્તા, વિચાર અને ક્રિયા, સંયમ અને પરીપૂર્ણતા, માણસ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા, આરોગ્ય અને સુખાકારી માટે સાકલ્યવાદી અભિગમ છે. ઝરમરીયા વરસાદ વચ્ચે પણ ઉપસ્થિત કાર્યકરો, ભાજપ સંગઠન પદાધિકારીઓ, વિવિધ સેવાભાવિ સંસ્થાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં તમામ ૬ તાલુકામાં વિશ્વ યોગ દિવસની સાદગી સાથે ઉજવણી સંપન્ન થઈ.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર વિશ્વને યોગની ભેટ આપી છે. વિશ્વને યોગની ભેટ આપનારો ભારત દેશ છે તે વર્તમાન પેઢીને ઝડપથી સમજાવ્યું છે. દર વર્ષે તા.૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ગુજરાત સહિત તેના વિવિધ જિલ્લાઓમાં ભવ્ય ઉજવણી થતી આવી છે પરંતુ પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોનાના કારણે વિશ્વ યોગ દિવસની ઉજવણી સાદગીપૂર્વક યોજાય છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા સવારે ૮-૦૦ થી ૯-૦૦ના સમયગાળા દરમ્યાન એક સાથે જિલ્લાના તમામ ૮ મંડલના બે-બે સ્થળે વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ. મોડાસાની પાવન સીટીમાં જિલ્લા સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, સંગઠન મંત્રી શૈલેષભાઈ ભોઈ, મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, મહેસાણા જિલ્લા સંગઠન પ્રભારી કનુભાઈ આર. પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલ, બાયડ તક્ષશિલા વિદ્યાલયમાં બાયડ શહેર પ્રભારી વનિતાબેન પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ જી. પટેલ, બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, બાયડ પાલિકા પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ, ભાજપના આગેવાન અતુલભાઈ બી. પટેલ, બાયડ શહેર યુવા મોરચા પ્રમુખ તપન પટેલ, લાયન્સ ડીસ્ટ્રીક્ટના કેબિનેટ જોઈન્ટ ટ્રેઝરર અતુલભાઈ વી. જોષી, સારસ્વત વિદ્યાલય-બાયડમાં જિલ્લા ભાજપ સંગઠન મંત્રી ચંદ્રીકાબેન ડી. શાહ, બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી બિપીનભાઈ એન. પ્રજાપતિ, બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, કોર્પોરેટર કંચનબેન એમ. પટેલ, દિપ્તેશગીરી ટી. ગોસ્વામી વગેરેની ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં યોગ ટ્રેનર એડવોકેટ મુકુંદભાઈ પટેલે સૌને યોગ કરાવ્યા હતા. શાળાના આચાર્ય આરીફભાઈ મિરઝા અને સ્ટાફ દ્વારા કાર્યક્રમનું આયોજન થયું હતું. તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે સંસ્થાના સંચાલક અતુલભાઈ પટેલ દ્વારા તમામ આમંત્રિતોને આવકારવાની સાથે સમગ્ર વિશ્વને ભારતે યોગની ભેટ આપી છે. યોગ એ એક પ્રાચીન, શારીરીક, માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતના યોગને વૈશ્વિક ફલક ઉપર વિશ્વ યોગ દિવસના માધ્યમથી પ્રચલિત કર્યાનું જણાવ્યું હતું.

## ઓલ ઈન્ડીયા બંજારા સેવા સંઘ ગુજરાતના સહઅધ્યક્ષ તરીકે મગનજી વણઝારા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

હિંમતનગર પ્રેસ કલબના પ્રમુખ મગનજીસિંહ વણઝારાની ઓલ ઈન્ડીયા બંજારા સેવા સંઘના ગુજરાત પ્રદેશના સહઅધ્યક્ષ તરીકે નિયુક્ત થતાં સમગ્ર ગુજરાત બંજારા સમાજના આગેવાનોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા. દાયકાઓથી સામાજીક, શૈક્ષણિક સહિત અન્ય સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા મગનજી વણઝારાએ પત્રકારત્વ ક્ષેત્રે પણ આગવી નામના મેળવી છે. હિંમતનગર શહેરના અગ્રણીઓએ પણ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# સાબરડેરી પાયમાલ પશુપાલકોને ઉગારવા રૂા.૧૫૦ કરોડનું વધુ બોનસ આપે, પાટીદાર અગ્રણી કિરીટ પટેલ

## સાકરીયા નજીક કેટલફીડ પ્લાન્ટની હાલ જરૂર નથી, ડિરેક્ટરોના જમાઈ, ભત્રીજા, ભાણીયા માત્ર પગાર લેવા આવે છે, સંગીન આક્ષેપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોરોનાના કપરા કાળમાં સાબરડેરી પશુપાલકો પાસેથી પાણીના ભાવે રૂા.૨૯ થી ૩૧ના ભાવે દૂધ ખરીદે છે. પશુપાલનનો વ્યવસાય પરવડે તેમ નથી ત્યારે સાબરડેરી દ્વારા સાકરીયા નજીક રૂા.૧૫૦ કરોડના ખર્ચે સાબરદાણ ઉત્પાદન માટે કેટલફીડ પ્લાન્ટ નાખવાનો નિર્ણય કરતાં ચેરમેન શામળભાઈ પટેલના માદરે વતનમાં જ વિરોધનો સૂર ઉઠ્યો છે. પાટીદાર અગ્રણી કિરીટ પટેલ (અરજણવાવ)એ પશુપાલકોની સાબર દાણ અંગે કોઈ બુમો પાડતા નથી અને હજુ ૫ વર્ષ સુધી નવા પ્લાન્ટની જરૂર નથી તેના બદલે પાયમાલ પશુપાલકોને ઉગારવા સાબરડેરી રૂા.૧૫૦ કરોડ વધુ બોનસ આપે તેવી માંગ કરી છે. સાથે ડિરેક્ટરોના જમાઈ, ભત્રીજા



અને ભાણીયાની સાબરડેરીમાં નિયુક્તિ પછી માત્ર પગાર લેવા આવે છે તેવો સંગીન આક્ષેપ કરતો વિડીયો વાયરલ કરી સમગ્ર જિલ્લાના સહકારી માળખામાં સનસનાટી મચાવી દીધી છે.

દાયકાઓથી સાબરડેરીના સત્તાધિશો સામે મામકાઓને નોકરીમાં ગોઠવવાના આક્ષેપ થતા આવ્યા છે અને તે મોટાભાગે સત્ય હકીકત હોવા છતાં પૈસાથી બધું ખરીદી શકાય છે તે સમજી ગયેલા ડિરેક્ટરો વારંવાર જે તે મંડળીના મત પોતાની તરફેણમાં કરી સાબર ડેરીમાં સત્તા ભોગવવાની સાથે સગાઓને સાબરડેરીમાં ગોઠવી દીધા છે. આવનારા વર્ષોમાં સાબરડેરીની હાલત કેવી હશે..?? તે કહેવું ઉતાવળીયું છે. પરંતુ અત્યારે જિલ્લાના ૩.૮૦ લાખથી વધુ પશુપાલકોની હાલત દયામણી બની ગઈ છે. સાબરડેરીએ તાજેતરમાં જ પશુપાલકોને દૂધનો ભાવ વધારો જાહેર કરી ઓક્સિજન પૂરો પાડ્યો છે. સાબરડેરીમાં ગત વર્ષે થયેલી ભરતીમાં અનહદ ભ્રષ્ટાચાર આદરી ૧૮૯ની ભરતીની સામે ૨૭૫ થી વધુ ઉમેદવારોની ભરતી કર્યાનો આરોપ પાટીદાર અગ્રણી કિરીટ પટેલે લગાવ્યો છે. યોગ દિવસે બપોરે સોશ્યલ મીડીયામાં વિડીયો વાયરલ કરી અનેક સહકારી આગેવાનો અને તેમના મળતિયાઓને પાટીદાર અગ્રણીએ ઉંધા માથે યોગ કરતા કરી દીધા છે. સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલા વિડીયોમાં જણાવ્યા અનુસાર સાકરીયા નજીક સાબરડેરી ૧૫૦ કરોડના ખર્ચે કેટલફીડ પ્લાન્ટ નાખવા જઈ રહી છે તેની કોઈ જરૂરીયાત નથી. પ્લાન્ટ નાખ્યા પછી કર્મચારીઓની ભરતી થશે અને તેમાં પણ ખોટું જ થવાની સંભાવના છે. આ સંજોગોમાં સાબરડેરીના સત્તાધિશોને તેમને અપીલ કરી છે કે કરોડોના ખર્ચે પ્લાન્ટ નાખવાના બદલે તેટલું વધારાનું બોનસ પશુપાલકોને ચૂકવી તેમની ખુશાલીના ભાગીદાર બનો.

### પશુપાલનનો વ્યવસાય ખોટનો ધંધો..

બાયડ : એક સમયના પશુપાલક અને હાલ તમાકુના વેપારી બનેલા પાટીદાર અગ્રણીએ સોશ્યલ મીડીયામાં વાયરલ કરેલા વિડીયોમાં જણાવ્યા અનુસાર પશુપાલનનો વ્યવસાય ખોટનો ધંધો છે અને તે પરવડે તેમ નથી તેના કારણે મેં પશુપાલનનો વ્યવસાય છોડી અન્ય વ્યવસાય પસંદ કર્યાનું જણાવ્યું છે.

### આ મારા કોઈના ઉપર વ્યક્તિગત આક્ષેપ નથી

બાયડ : સાબરડેરી દ્વારા નવો કેટલફીડ પ્લાન્ટ નાખવાની જરૂર નથી, સાબરડેરીમાં ખોટી ભરતીઓ થઈ રહી છે, ડિરેક્ટરોના ભત્રીજા, ભાણીયા, જમાઈ માત્ર પગાર લેવા માટે જ આવે છે તેવા આક્ષેપ પણ સોશ્યલ મીડીયામાં ફરતા વિડીયોમાં કરી પાટીદાર અગ્રણીએ એમ પણ જણાવ્યું છે કે આ મારા કોઈના ઉપર વ્યક્તિગત આક્ષેપ નથી પરંતુ જિલ્લાની પ્રજાએ તેના જવાબ માગવા જોઈએ. જો કે પીપોદરા વાયા શીત કેન્દ્ર અને અરજણવાવના વિસ્તારમાં આ નિવેદન કેટલા તરંગો ઉત્પન્ન કરશે તે આવનારો સમય કહેશે.

## પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થીઓનાં આંસુ, સરકારી બાબુઓ બિન્દાસ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામ પૂરાં થયાં છતાં અસંખ્ય લાભાર્થીઓના ખાતામાં હપ્તા જમા થયા નથી. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થીઓનાં આંસુ જોઈ તેમને બાકીમાં આપનારા વેપારીઓ પણ ગદગદીત થઈ રહ્યા છે છતાં સરકારી બાબુઓ બિન્દાસ્ત હોવાનું જાણવા મળ્યું છે.

**અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં હપ્તા ચૂકવવામાં ઠાગાઠૈયા, કામ પુરૂં છતાં હપ્તા ખાતામાં જમા થતા નથી**

દરેક ગરીબ પરિવારને પોતાના સ્વપ્નનું ઘર હોય તે ઉદ્દેશ્યથી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મૂકાઈ હતી. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં યોજના અમલમાં મૂકી તેનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સીધી દેખરેખ હેઠળ અરવલ્લી જિલ્લાના ૬ તાલુકા તેમજ મોડાસા અને બાયડ પાલિકા વિસ્તારમાં પણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અનેક લાભાર્થીઓને આવરી લઈ પ્રથમ, બીજા અને ત્રીજા હપ્તાની ચૂકવણી થઈ પરંતુ કેટલાક વિસ્તારોમાં તો સ્થિતિ એવી છે કે લાભાર્થીનું આવાસનું કામ સંપૂર્ણપણે પુરૂ થયું તેના ૫-૬ મહિના પછી પણ કોઈ સ્થળ ઉપર ડોકાતું નથી. બાકીમાં લોખંડ, સીમેન્ટ, રેતી લાવ્યા હતા તેમની ઉઘરાણી શરૂ થઈ છે અને અરજદારો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં હપ્તો ક્યારે પડશે તેની પૂછપરછ માટે જાય એટલે મોટાભાગે યોગ્ય જવાબ મળતો નથી. કોરોના કાળમાં પાયમાલ થયેલા ગરીબ પરિવારોએ પોતાની બચત પ્રધાનમંત્રી આવાસ યોજનાના બાકી કામમાં ખર્ચી નાખી અને હવે કામ પુરૂ થયું છે એટલે ખાતામાં પૈસા જમા થશે તેવી આશાએ મહિનાઓ વીતી ગયા પરંતુ હપ્તાની રકમ જમા ન થતાં આવા પરિવારો વધુ પાયમાલ બન્યા છે. જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીએ પણ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં નિર્ધારીત કામ થયા હોય તે પ્રમાણે દરેક લાભાર્થીને તેના ખાતામાં રકમ જમા થઈ છે કે કેમ તેની તપાસ કરાવવી જોઈએ અને વિલંબ થયો હોય તો તેનું કારણ શું..?? તે જાણી જવાબદાર અધિકારી અને સ્થાનિક તંત્ર સામે પગલાં ભરાવવાં જોઈએ.

### મકાન તૈયાર થઈ ગયું પરંતુ કોઈ જોવા જ નથી આવતું : મહિલા લાભાર્થીઓ

બાયડ : અનેક મહિલા લાભાર્થીઓએ રડમસ થઈ જણાવ્યું કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અમને આવાસ યોજનાનો લાભ મળ્યો તે બદલ વડાપ્રધાન અને સ્થાનિક તંત્રનો અમે આભાર માનીએ છીએ અમારા આવાસનું કામ સંપૂર્ણપણે પુરૂ થયું છે પરંતુ કોઈ જોવા આવતું નથી અને અમારા ખાતામાં હપ્તા પણ જમા થતા નથી તેવું વ્યથિત થઈને જણાવ્યું છે.

## મહેસાણા જિલ્લા વિકાસ અધિકારીને બઢતી મળતાં વિદાય સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લાના નિષ્ઠાવાન જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણીને જિલ્લા કલેકટર આણંદ તરીકે બઢતી મળતાં જિલ્લા પંચયાતના કર્મયોગીઓ સહિત પદાધિકારીઓનાં આનંદ જોવા મળ્યો હતો.



જિલ્લા વિકાસ અધિકારીને બઢતી મળતાં જિલ્લા પંચાયતના કર્મયોગીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા વિદાય સમારંભ યોજી તેમનું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણીનો વિદાય સમારંભ જિલ્લા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો.

## અરવલ્લીના નવનિયુક્ત કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણાએ ચાર્જ સંભાળ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લી જિલ્લા કલેક્ટરની બદલી થતાં નવનિયુક્ત જિલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણા(આઈ.એ.એસ.)એ બુધવારે વિધિવત ચાર્જ સંભાળ્યો ત્યારે અનેક અધિકારીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી. નવરચિત અરવલ્લી જિલ્લામાં અઢળક સમસ્યાઓ છે. ચોમાસાની શરૂઆત સાથે જ વહીવટી તંત્ર સામે અનેક પડકાર દેખાઈ રહ્યા છે આ સંજોગોમાં નવા કલેક્ટર પાસે પ્રજાને અનેક પ્રકારની અપેક્ષા છે.



જિલ્લામાં નિયુક્ત થયેલા અનેક કલેક્ટરોએ નામના મેળવી છે તો કેટલાક કલેક્ટરોની એવી કામગીરી હતી કે પ્રજા તેમને યાદ શુદ્ધ કરતી નથી. સમય હવે બદલાયો છે પ્રજાને સમગ્ર જિલ્લાના વિકાસના કામોમાં સૌથી વધુ રસ હોય છે. આ સંજોગોમાં અત્યાર સુધીના કલેક્ટરોએ શરૂઆતમાં આવ્યા પછી ૨-૩ વિસ્તારોની મુલાકાત લીધી ત્યારે પ્રજામાં આગવી છબી ઉભરી આવી પરંતુ ત્યાર પછી તેમાં કોઈ બદલાવ ન જોવા મળ્યો. જેના કારણે જિલ્લાના છેવાડાના અનેક લોકો પાયાની સમસ્યાની સવલતથી સબડી રહ્યા છે. નવા કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણાની દ્વારકાથી અરવલ્લી જિલ્લામાં બદલી કરવામાં આવી છે તે અગાઉ વર્ષ-૨૦૧૦ની બેચના અધિકારીએ હાલોલ પ્રાંત અધિકારી, મહેસાણા ડી.ડી.ઓ., ગાંધીનગરમાં યુવા અને સાંસ્કૃતિક વિભાગ તેમજ બરોડા અર્બન ડેવલપમેન્ટ સી.ઈ.એ. તરીકે યશસ્વી કામગીરી બજાવી છે. તેઓએ જ્યાં પણ ફરજ બજાવી ત્યાં સ્ટેટ ફોરવર્ડ અધિકારી હોવાની અમીટ છાપ ત્યાં છોડી આવ્યા હતા. અરવલ્લી જિલ્લાના સર્વાંગી વિકાસના તેઓ શિલ્પી બની રહે તેવી ગાંધીનગર સમાચારની શુભકામના.

**ચોમાસાની શરૂઆત સાથે જ વહીવટ તંત્ર સામે અનેક પડકાર, પ્રજાને મોટી અપેક્ષા**

## ભિલોડામાં હિન્દુ સામ્રાજ્ય સ્થાપના દિનની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૨૩

ભિલોડામાં પટેલ સમાજવાડીમાં હિન્દુ સામ્રાજ્ય સ્થાપના દિનની ઉજવણી યોજાઈ હતી.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્ય વક્તા ચિંતનભાઈ ઉપાધ્યાય,ગુજરાત પ્રાંતએ જણાવ્યું હતું કે હિન્દુ સમાજ ઘોર અંધકાર યુગમાં જીવી રહ્યો હતો ત્યારે સમરસ સમાજ અને હિન્દવી સ્વરાજ્યના સ્થાપક યુગપ્રવર્તક છત્રપતી શિવાજી મહારાજના રાજ્યભિષેકને ભારતના સ્વાતંત્ર સમરના એકમાત્ર આદર્શ રૂપમાં આજે આપણે તેમનું સ્મરણ કરી રહ્યા છીએ.હિન્દુ સ્વરાજ્યના સ્થાપક શિવાજી મહારાજના રાજ્યભિષેકને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિન્દુ સામ્રાજ્ય સ્થાપના દિનના રૂપમાં ઉજવી રહ્યા છીએ.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,ભિલોડાનગરના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડામાં ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જી સ્મૃતિ દિન નિમિત્તે શ્રધ્ધાંજલી કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૩

ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના બેઠક હોલમાં ભાજપ સંગઠન ધ્વારા શ્યામાપ્રસાદ મુખર્જીના સ્મૃતિ દિન નિમિત્તે શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો.ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના પરીસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ,રાજેશભાઈ નિનામા,મનોજભાઈ પટેલ,ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ,કાંતીભાઈ પટેલ,ભવાનભાઈ ઠાકોર,અમરતભાઈ નિનામા,સંકેતભાઈ ચૌધરી,ભરતભાઈ ઠાકોર,રામઅવતાર શર્મા,જગદીશભાઈ પટેલ,ચેતનસિંહ કચ્છાવા,રસીકભાઈ લખવારા,અરવલ્લી જીલ્લા યુવા મોરચા મહામંત્રી,સચિનભાઈ એ.બરંડા,અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય,રસીકાબેન ખરાડી,ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબીયાર,ન્યાય સમિતી,ચેરમેન શ્યામભાઈ પરમાર સહિત હોદ્દેદારો,કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



વિશ્વા રોહિતકુમાર દરજી
(ગોકુલેશ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



અમિતકુમાર ખીમજીભાઈ પટેલ
(મંત્રી : જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



વિરંચીકુમાર પંડ્યા
આણંદ(મોડાસા)



જે. ડી. પટેલ
(ટ્રસ્ટી : ગ્રોમોર સ્કુલ)
(પ્રિન્સિપાલ : ગ્રોમોર સ્કુલ, હિંમતનગર)
હિંમતનગર, જિ.સાબરકાંઠા



રીકેશ પંચાલ
બાયડ, જિ.અરવલ્લી



સી. ડી. પટેલ
વજેપુરાકંપા, તા.બાયડ



પ્રિયંક રાજેશકુમાર શાહ
અમદાવાદ



વિમલ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



મહેન્દ્રભાઈ એચ. પટેલ
(એમ.ડી. : અલ્ટ્રાફેબ ટ્રેક પ્રા. લી., અમદાવાદ)
અમદાવાદ(આંબાગામ)



ધર્મેન્દ્રભાઈ એસ. પટેલ
(સાર્થક અર્થ મુવર્સ-બાયડ)
બોરીયાટીંબાકંપા, તા.ધનસુરા



હિર ચેતનકુમાર પટેલ
બામણવાડ, તા.મોડાસા

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**

## દરામલી ખાતે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી પુણ્યતિથિ કાર્યક્રમ યોજાયો

નેત્રામલી, તા. ૨૩

ઈડર તાલુકાના દરામલી ખાતે તા ૨૩ મી જુન બુધવારે ડૉ. શ્યામ પ્રસાદ મુખર્જી ની પુણ્ય તિથી ના કાર્યક્રમ દરામલી તાલુકા પંચાયત સીટ ખાતે યોજવામાં આવ્યો. તેમાં ઈડર તાલુકા પંચાયત પ્રમુખ હર્ષાબેન વણકર, તેમજ ઈડર તાલુકા યુવા મોરચા મંત્રી કમલ પટેલ, તેમજ સાબરકાંઠા જિલ્લાના આ.ટી. સેલ કારોબારી સભ્ય પટેલ રાજદીપ એમ, સક્રિય કાર્યકર્તા પટેલ સોમાભાઈ (જાગીરદાર), તેમજ કાર્યકરતા જગદીશ ભાઈ નાયક, તેમજ ઈડર તાલુકા સંયોજક પ્રતાપ સિંહ, તથા કાર્યકર્તા ગિરિશ બારોટ હાજરીમાં કાર્યક્રમ પુરો કરવામાં આવ્યો હતો.

